સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે
સમિતીની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
હુકમ ક્રમાંકઃ- સીઓએન-૧૦-૨૦૧૬-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪-૧૦-૨૦૧૭

**આમુખ:-**

સરકારશ્રીના દરેક વિભાગો માર્ગ અને મકાન, શહેરી વિકાસ, કોર્પોરેશન, સરદાર સરોવર નર્મદા નિગમ લી, પાણી પુરવઠા, પોલીસ હાઉસીંગ વગેરેમાં ટેન્ડરમાં ટેન્ડર ડોક્યુમેન્ટ અને પ્રી-કોલીફીકેશન ક્રાઇટએરીયા એક જ પ્રકારના રહે તેથી કોઇપણ પ્રકારની વિસંગતતા ઉભી થાય નહિ તે માટે SBD બનાવવું જરૂરી છે. પ્રોજેક્ટ માટે પ્લાનિંગ કમિશ્નરની ગાઇડલાઇન પ્રમાણે સ્ટાન્ડડ બિડ ડોક્યુમેન્ટ હોવુ જોઇએ. જે સ્ટાન્ડર્ડ બિડ ડોક્યુમેંટ મુજબ તથા સમગ્ર રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય ધોરી માર્ગોના વિકાસ કામો હાથ ધરવામા આવે છે, અને પ્રી-કોલીફીકેશનમાં અત્યારે દરેક વિભાગો ટેન્ડર પધ્ધતિ અને શરતો પોતે પોતાની રીતે રાખે છે. તેથી ખુબ જ વિસંગતતાઓ ઉભી થાય છે. સ્ટાન્ડર્ડ બિડીંગ ડોક્યુમેન્ટની કાર્યવાહી જલ્દીથી કરી તેનો અમલ સત્વરે થાય તેથી ટેન્ડરને લગતા પ્રશ્નોની વિસંગતતા દુર કરવાની બાબત સરકારશ્રી સમક્ષ ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**હુકમ:-**

ઉક્ત બાબતે વિભાગના મુખ્ય ઈજનેર(મા.મ.) અને અ.સ.શ્રી ની અધ્યક્ષતામાં એક કમિટી ની રચના કરવામા આવે છે. કમિટી દ્વારા ટેન્ડર પ્રક્રિયાના વિવિધ પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરી આ હુકમ રવાના થયા તારીખથી ૨-માસ માં સ્ટાન્ડર્ડ બિડીંગ ડોક્યુમેન્ટ નો સુચિત ડ્રાફ્ટ વિભાગના સચિવશ્રીને રજુ કરવાનો રહેશે. આ સમિતીમાં મદદરૂપ થવા સારૂ નીચે મુજબના અધિકારીશ્રીઓની તેમના નામ સામે દર્શાવેલ પદ ઉપર આથી નિમણુંક કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતીમાં સ્થાન |
|---|---|---|---|
| ૧ | શ્રી એન. કે. પટેલ, | મુખ્ય ઈજનેર(મા.મ.) અને અ.સ.શ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સમિતીના અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી પી.આર.પટેલીયા | મુખ્ય ઇજનેર(રા.ધો.) અને અ.સ.શ્રી. મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સમિતીના સભ્યશ્રી |
| ૩ | શ્રી એ.કે.પટેલ | મુખ્ય ઇજનેર(પં.) અને અ.સ.શ્રી. મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સમિતીના સભ્યશ્રી |
| ૪ | શ્રી ભરત ત્રિવેદી | નાણા સલાહકારશ્રી (મા.મ.), સચિવાલય, ગાંધીનગર. | સમિતીના સભ્યશ્રી |

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર